૨.૨ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે.જિલ્લા પંચાયત વાઇઝ અને તમામ કેટેગરીવાઇઝ (વિકલાંગતાની કેટેગરીવાઇઝ અને માજી સૈનિક સહિત) જગ્યાઓની સંખ્યા/વિગતો હવે પછીથી પ્રસિધ્ધ કરવામાં આવશે.

૨.૩ પંચાયત વિભાગના ખાનગી પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૨૭-૧૨-૨૦૨૧ તેમજ પંચાયત વિભાગના ખાનગી પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા ૫-૧-૨૦૨૨ થી કરાયેલ સ્પષ્ટતા મુજબ મુજબ ભરવાપાત્ર ૧૫ જગ્યાઓ પૈકી કુલ ૦૧ જગ્યા શારીરીક અશક્તતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટે અનામત છે. જે સંબધિત કેટેગરી (GENERAL,SEBC) સામે સરભર કરવામાં આવશે.

૨.૪ પંચાયત વિભાગના ખાનગી પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૨૭-૧૨-૨૦૨૧ તેમજ પંચાયત વિભાગના ખાનગી પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા ૫-૧-૨૦૨૨ થી કરાયેલ સ્પષ્ટતા મુજબ આ સંવર્ગની કુલ ખાલી જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૦૦ જગ્યા અનામત રાખવામાં આવશે.

૨.૫ પંચાયત વિભાગના ખાનગી પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૨૭-૧૨-૨૦૨૧ તેમજ પંચાયત વિભાગના ખાનગી પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા ૫-૧-૨૦૨૨ થી કરાયેલ સ્પષ્ટતા મુજબ ઉપરોકત ૧૫ .જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ નીચે મુજબ છેઃ-

| | |
|---|---|
| સામાન્ય વર્ગની મહિલા માટે અનામત જગ્યાઓ | -- ૦૦ |
| આર્થિક રીતે નબળા વર્ગ(EWS)ની મહિલા માટે અનામત જગ્યાઓ | -- ૦૦ |
| સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC)ની મહિલાઓ માટે અનામત જગ્યાઓ | -- ૦૦ |
| અનુસુચિત જાતિ (SC) કેટેગરીની મહિલાઓ માટે અનામત જગ્યાઓ | -- ૦૦ |
| અનુસુચિત જન જાતિ (ST) કેટેગરીની મહિલાઓ માટે અનામત જગ્યાઓ | -- ૦૦ |

૨.૬ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

## ૩. મહિલા ઉમેદવારો માટેઃ-

૩.૧ પંચાયત વિભાગના ખાનગી પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૨૭-૧૨-૨૦૨૧ તેમજ પંચાયત વિભાગના ખાનગી પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા ૫-૧-૨૦૨૨ થી કરાયેલ સ્પષ્ટતા મુજબ આ જાહેરાતના હેતુ માટે મહિલાઓ માટે અનામત જગ્યાઓની સંખ્યા શુન્ય છે, પરંતુ આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી પુરૂષ માટે ઠરાવેલ મેરીટના ધોરણે વિચારણા થઇ શકે છે. આ જાહેરાત અન્વયે પુરુષ તેમજ કોઇ પણ કેટેગરીની મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

## ૪ વિધવા ઉમેદવારો માટેઃ-

૪.૧ કોઇ મહિલા ઉમેદવાર પોતે વિધવા હોય તો ઓનલાઇન અરજીપત્રકમાં સબંધિત કોલમમાં કલીક કરવાનું રહેશે. તેમજ તે અંગેના પ્રમાણપત્રોની વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે.

૪.૨ વિધવા ઉમેદવારે જો પુનઃ લગ્ન કરેલ હોય તો અરજીપત્રકમાં તે કોલમ સામે અચુક માહિતી આપવી.

